જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૬/૨૦૧૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૫૫/૧૬</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી ૧૪૯ લીટર દેશી દારૂ, ૨૨૮ ઈંગ્લીશ દારૂ, ૧૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧ ઈકો ગાડી અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૮૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૫૬/૧૬</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

<u>અપહરણની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૫૭/૧૬</u>

**માધવપુરાઃ** પંકજભાઇ અરવિંદભાઇ ડોડીયા (રહે.જલતરંગ સોસાયટી, શંકરભુવન સામે, શાહપુર દરવાજા બહાર) એ તા.૨૨/૬/૧૬ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૬/૧૬ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે શાહપુર ચાર રસ્તા પાસે આવેલ હરીઓમ ક્લાસીસ નજીકથી પોતાના પુત્ર અનુપ (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.બી.ખીલેરી ચલાવે છે.

<u>દુષ્પ્રેરણની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૫૮/૧૬</u>

**સરદારનગરઃ** મંજુલાબહેન કેશવભાઇ મકવાણા (રહે.ખોડીયારનગરની બાજુમાં અંબિકાનગર નોબલનગર) એ તા.૨૨/૬/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રી રંજનબહેન (ઉ.વ.૨૫) એ તેના પતિ ભરત પરષોત્તમદાસ રાઠોડ અને સાસુ-સસરા (તમામ રહે. મોટા વિસ્તાર આજી ડેમ ભાવનગર રોડ રાજકોટ) નાઓના માનસિક અને શારીરીક ત્રાસના કારણે તા.૧૨/૬/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે (ખોડીયારનગરની બાજુમાં અંબિકાનગર નોબલનગર) પિયરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ઝેડ એમ સીન્ધી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૫૯/૧૬</u>**

**વસ્ત્રાપુરઃ** દેવાંગભાઇ  વિનોદભાઇ પટેલ (રહે, આનંદ હરી ટાવર, સંદેશપ્રેસ રોડ, ચાણક્ય ટાવરની સામે, બોડકદેવ) એ તા.૨૨/૬/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૫/૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રૂદાક્ષ ચેરીટેબલ ટ્રસ્ટ ખોલી નાણાકીય સ્કીમ ચાલુ કરનાર આરોપી (૧) ભરતભાઇ શાંતીલાલ દવે (૨) પાકુત ભરતભાઇ દવે (૩) સુશીલાબેન ભરતભાઇ અને (૪) પ્રીતીબહેન પાકુતભાઇ દવે (તમામ રહે, આનંદ હરી ટાવર, સંદેશપ્રેસ રોડ, ચાણક્ય ટાવરની સામે બોડકદેવ) નાઓએ ભેગામળી દેવાંગભાઇ તથા તેમનાં અન્ય સગા-સબંધીની કુલ ૧૮ ડીપોઝીટો પોતાનાં ટ્રસ્ટમાં કરાવડાવી, વળતર પેટે દર મહિને ચેક આપવાનું કહી કુલ રૂપિયા ૬૫,૫૦,૦૦૦/- મેળવી લઇ, મકાન બંધ કરી નાસી જઇ તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.વિરાણી ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૬૦/૧૬</u>**

**આનંદનગરઃ** કિન્નરીબહેન ધિરેનભાઈ ગાંધી **(ઉ.વ.૫૬)** (રહે.શાલીમ સોસાયટી કોર્પોરેટ રોડ પ્રહલાદનગર) તા.૨૨/૬/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક શાલીન બંગલોઝ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કિન્નરીબહેનના ગલામાંથી પેંડલ સાથેનો દોરો કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિન્નરીબહેને આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી બી રાણા ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૬૧/૧૬</u>**

**બાપુનગર** : અશ્વીનભાઇ વિરાભાઇ માલીવાડ (ઉ.વ.૨૨)(રહે,ગ્લોબલ એસ્ટેટ, ચકુડીયા મહાદેવ પાસે, રખિયાલ) તા.૨૨/૬/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર ગરીબનવાઝ મસ્જીદ, સુંદરમનગર ખાતે કડીયા કામ કરતાં હતા દરમ્યાન વરસાદમાં મશીન બંધ કરવા જતાં, ખુલ્લા વાયરથી કરંટ લાગતાં, સારવાર અર્થે તેમને શારદાબહેન હોસ્પીટલમાં લઇ જતાં સાંજનાં ૪/૦૦ વાગ્યાનાં સુમારે ફરજ પરનાં ડૉ.શ્રીએ અશ્વીનભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઇ જીવાજી ચલાવે છે.

**<u>નદીમાંથી લાશ મળી આવી :</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૬૨/૧૬</u>**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** કનૈયાલાલ દેવનદાસ લીંબાવત (ઉ.વ.૫૫) (રહે.સમરથનગર સોસાયટી સરદારનગર) નાઓની તા.૨૨/૬/૧૬ કલાક ૭/૪૦ વાગ્યા પહેલા ઈન્દીરાબ્રીજ નીચે સાબરમતી નદીમાંથી લાશ મળી આવી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)